# આપણા વ્હાલા શાંતિદાદા !

~ ભાવાનુવાદ સંકલન : સંગીતાબહેન મોદી (અમદાવાદ)





## વ્હાલા શાંતિદાદા !

આપના ગુરુદેવ યોગીજી મહારાજે આપને જીવનની દિશા ચીંધી,
અને પૂજ્ય કાકાશ્રીએ કહ્યું, 'તમે શાંતિની ગોળી વહેંચશો !'
ત્યારથી, આપ ગુરુદેવના સ્વપ્નને અનુસરીને
જ્યાં જાઓ ત્યાં શાંતિનાં બીજ વાવી રહ્યા છો.

જે દિવસે આપે મને મારા જીવનનો માર્ગ બતાવ્યો,
અને આપે કહ્યું, 'તમે બાળકો જોડે બહુ મોટું કામ કરશો.'
ત્યારથી, હું અદમ્ય ઉત્સાહથી બાળકો સાથેના કામમાં હોમાઈ ગઈ
અને મારા થકી આપનો પ્રેમ છાલકાઈ રહ્યો છે.



જ્યારે આપ યુવાન હતા ત્યારે આપના ગુરુએ આપને,
શુદ્ધ અને પવિત્ર વિચારોના મહત્ત્વની સમજ આપી.
આપે હકારાત્મકતાનો ઉપયોગ નકારાત્મક ટીકાઓના ઈલાજ સ્વરૂપે કરી
આ સૃષ્ટિને પ્રભુના સામ્રાજ્યમાં ફેરવી નાખી.

હું યુવાન હતી ત્યારે આપે આપનું જ્ઞાન અને સમજ મને આપ્યાં,
તથા મીઠી અને પ્રેમસભર વાણીનું મૂલ્ય દઢાવ્યું.
સમૂહ સાથે ભળીને હું વિરુદ્ધ દિશામાં ચાલી,
પણ, આપે આવીને મારી દિશા બદલી નાખી ને તેથી નકારાત્મકતા પાછળ છૂટી ગઈ.

આપનું કોમળ હૃદય દોષમાત્રને અવગણે છે,
અને જ્યાં દોષ હોય ત્યાં આપ માત્ર ગુણ પર જ ધ્યાન આપો છો.
જ્યારે ગુસ્સો અનુભવાય, ત્યારે આપનું અંતઃકરણ કહે છે - થોભો. અને
જ્યારે સંબંધોમાં દરાર પડતી નજરે ચઢે, ત્યારે આપ કેવળ એકતાને પ્રોત્સાહન આપો છો.

આપણે જાણીએ છીએ કે, ગુરુપરંપરા એ એક વારસો છે -
પ્રત્યેક ગુરુએ વહાવેલા પ્રેમનો વારસો.
આપના ગુરુએ આપને આપ્યો, અને આપે અમને.
શાંતિદાદા ! અમે આપના થકી શુદ્ધતમ પ્રેમને જાણ્યો છે અને માણ્યો છે.

---

*(સહેલી શેઠના 'બ્રહ્મનિર્ઝર'-જાન્યુઆરી, ૨૦૨૪ અંકમાં પ્રકાશિત મૂળ અંગ્રેજી લેખનો ભાવાનુવાદ)*